BRAMPTON Flower City
brampton.ca

Service and Information Update

20 જૂન 2018

# સીટી ઓફ બ્રૅમ્પટનમાં કૅનેડા ડે

બ્રૅમ્પટન, ઓન્ટારિયો – બ્રૅમ્પટન સીટી હૉલ સોમવાર, જુલાઇ 2, 2018ના રોજ કૅનેડા ડે નિમિત્તે બંધ રહેશે. સીટીની ઘણી બધી સેવાઓ ઉપ લબ્ધ નહીં હશે અથવા ઘટાડેલા સેવા સ્તરે મળશે. આ સમય દરમિયાન નાગરિકો લગ્નના લાયસન્સની અરજી નહીં કરી શકશે, પાર્કિંગ ફી નહીં ભરી શકશે અથવા જાતે પરમીટ માટે અરજી કરી શકશે નહીં. ઑનલાઇન પસંદગીઓ માટે કૃપા કરી અહીં મુલાકાત લો www.brampton.ca.

ઘણી બધી સેવાઓ સામાન્યપણે ચાલુ રહેશે જેમાં સામેલ છે: આગ અને અગ્નિશમન સેવાઓ અને બાય-લૉ અમલીકરણ. સીટી ઓફ બ્રૅમ્પટનના સેવા પરિવર્તનો અને બંધ થયેલ સેવાઓ વિશે વધુ માહિતી માટે 311 પર કૉલ કરો અથવા www.brampton.caની મુલાકાત લેશો.

**બ્રૅમ્પટન ઉજવી રહ્યું છે કૅનેડા ડે**

ચિંગકુઝી પાર્ક (Chinguacousy Park) ખાતે જુલાઇ 1 અને રવિવારના રોજ કૅનેડા ડેની ઉજવણીમાં સીટી ઓફ બ્રૅમ્પટન સાથે જોડાવ.

કૅનેડા ડેની ઉજવણીઓ સમાવવા માટે જુલાઇ 1ના રોજ ચિંગકુઝી પાક પાસેના કેટલાક માર્ગોના અમુક વિભાગો યાતાયાત માટે બંધ રહેશે.

બંધ માર્ગોની યાદી સહિત સીટીના કૅનેડા ડેની ઉજવણીઓ વિશે માહિતી માટે 311 પર કૉલ કરો અથવા www.brampton.caની મુલાકાત લો.

**બ્રૅમ્પટન ટ્રાન્ઝિટ સર્વિસ**

કૅનેડા ડે ના શનિવાર રવિવાર માટે બ્રૅમ્પટન ટ્રાન્ઝિટનું સમયપત્રક આ મુજબ છે:

- રવિવાર, જુલાઇ 1: રવિવાર સેવા – ટ્રાન્ઝિટ સ્ટોર્સ બંધ રહેશે
- સોમવાર, જુલાઇ 2: રવિવાર સેવા – ટ્રાન્ઝિટ સ્ટોર ખુલ્લું રહેશે

રૂટ અને સમયપત્રક માહિતી માટે 905.874.2999 પર કૉલ કરો, www.bramptontransit.comની મુલાકાત લો અથવા બસની વાસ્તવિક-સમય માહિતી માટે તમારા મોબાઇલ ડિવાઇસથી nextride.brampton.caપર જાવ.

**આતશબાજી સુરક્ષા**

રહેવાસીઓને જુલાઇ 1, રાતે 10 વાગ્યે ચિંગકુઝી પાર્ક ખાતે આતશબાજીમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.

કેનેડા ડે વર્ષના ચાર મંજૂર થયેલ દિવસો પૈકી એક છે જ્યારે પરમીટની જરૂરિયાત વિના ખાનગી મિલકતોમાં ટૂંકી રેન્જના ફટાકડા ફોડવાની છૂટ છે. ટૂંકી રેન્જના એટલે એવા ફટાકદા જે ચેતાવ્યા બાદ ત્રણ મીટર (10 ફુટ) કરતા ઓછું અંતર કાપે છે (દા.ત. કોઠી, ચકરીઓ, ભોય ચકરીઓ, તારામંડળો). અન્ય તમામ રૉકેટ પ્રકારના ફટાકડા ફોડવા પર બ્રૅમ્પટનમાં નિષેધ છે. સીટી રહેવાસીઓને યાદ અપાવે છે કે માર્ગો પર, ફુટપાથ પર, સીટી પાર્ક્સની અંદર અથવા નગરપાલિકા કે શાળાની મિલકતો પર ફટાકડા ફોડવાની છૂટ નથી.

તમારી મિલકત પર ટૂંકી રેન્જના ફટાકડાનો ઉપયોગ કરતી વખતે તમારે નીચે આપેલ સુરક્ષાની સાવચેતીઓઅનુસરવાની રહેશે:

- તમારે પાણીનું પાત્ર અથવા પાણી ભરેલી હોઝ લાઈન હાથવગી રાખવી જે ફટાકડા ઓલવી શકે.
- તમારે ક્યારેય હાથમાં ફટાકડા ચેતવવા નહીં અથવા સળગતા ફટાકડા હાથમાં પકડવા નહીં સિવાયકે તારામંડળ
- તારામડળનો ઉપયોગ કર્યા પછી હંમેશા તેને પાણીની ડોલમાં ડૂબાડી દેવા જેથી નિકાલ કરતા પહેલા તે ઠંડા પડી જાય.
- નિકાલ કરતા પહેલા બધાં ફટાકડા સંપૂર્ણ રીતે ઠંડા પાડી દેવા

**બ્રૅમ્પટનનું પુસ્તકાલય**

બ્રૅમ્પટન પુસ્તકાલયની તમામ શાખાઓ (સિવિક સેંટરમાં ચિંગકુઝી, સિરિલ ક્લાર્ક, ફોર કોર્નર્સ, ગોર મેડોઝ, માઉન્ટ પ્લેઝન્ટ વિલેજ, સ્પ્રિંગડેલ અને સાઉથ ફ્લેચર્સ) રવિવાર, જુલાઇ 1, અને સોમવાર જુલાઇ 2ના રોજ બંધ રહેશે.

વધુ માહિતી માટે 905.793.4636 અથવા 311 કૉલ કરો અથવા www.bramptonlibrary.ca ની મુલાકાત લો

-30-